# Hala Vala Nandna Lala Gujarati Song Lyrics - Shital Thakor

હે હાલા વાલા નંદના લાલા ગોકુળ માં ગવાય ગોના
હો હો હાલા વાલા નંદના લાલા ગોકુળ માં ગવાય ગોના
એ હે હાત હોના ના મહેલ જેવા લાગે આજે ઝુંપડા
તમે આયા ને સુધર્યા આખા ગોકુળ ના આયખા
એ હાલા વાલા નંદના લાલા
હો હો હાલા વાલા નંદના લાલા
એ હાલા વાલા નંદના લાલા બાબુ ભરવાડ ગાય ગોના
હો હો હાલા વાલા નંદના લાલા ગોકુળ માં ગવાય ગોના

હો વાંકડયિા વાળ જેનું માખણ જેવું મુખડું
હીર ની દોરી હીંચે આજ રતન ગોકુળ નું
હો હો વાંકડયિા વાળ જેનું માખણ જેવું મુખડું
હીર ની દોરી હીંચે આજ રતન ગોકુળ નું
એ હે કાળી રે મેસોનુ કપાળે ટપકું
જોજો ના લાગે મારા કાના ને નજરું
એ હાલા વાલા નંદના લાલા બાબુ ભરવાડ ગાય ગોના
હા હા હાલા વાલા નંદના લાલા ગોકુળ માં ગવાય ગોના

હા હાથે કે કડી પહેરી કેડે કંદોરો
હૈયે નથી પાર ઉજમ જસોદા માતનો
હો હો હાથે કે કડી પહેરી કેડે કંદોરો
હૈયે નથી પાર ઉજમ જસોદા માતનો
એ હે બાર સાથે બાંધ્યા છે લીલા તોરણીયા
નવેખંડે આઠમ ના આનંદ વરતાયા
હે હાલા વાલા નંદના લાલા ગોકુળ માં ગવાય ગોના
હા હાલા વાલા નંદના લાલા ગોકુળ માં ગવાય ગોના
એ હે હાલા વાલા નંદના લાલા
હો હો હાલા વાલા નંદના લાલા....